# પરિશિષ્ટ - 4

## માર્ગદર્શન નોંધ - ગ્રાહકો માટે શું કરવું અને શું ન કરવું

### શું કરવું

1. માત્ર એક્સચેન્જના રજિસ્ટર્ડ સભ્યો મારફતે વેપાર કરવો. સભ્ય એક્સચેન્જ સાથે રજીસ્ટર થયેલ છે કે કેમ તે જોવા માટે નીચેની લિન્ક પર એક્સચેન્જની વેબસાઇટ ચકાસો ......................................................
2. તમે ટ્રેડિંગ શરૂ તે પહેલાં પ્રમાણભૂત 'તમારા ક્લાઈન્ટ જાણો (KYC)' ફોર્મ ભરવા પર ભાર મૂકો.
3. અનન્ય ક્લાઈન્ટ કોડ (UCC) મેળવવામાં પર ભાર મૂકો ખાતરી કરો કે તમારા બધા સોદા જણાવેલ UCC હેઠળ કરવામાં આવે છે.
4. પ્રમાણભૂત 'રિસ્ક ડિસ્ક્લોઝર કરાર' વાંચવા અને તેના પર સહી કરવા પર ભાર મૂકો.
5. તમારા KYC અને/અથવા તમારા દ્વારા સભ્યો સાથે, સભ્યો તરફથી ચલાવવામાં આવેલ અન્ય દસ્તાવેજો ની નકલ મેળવો.
6. નીચેની લિન્ક ............................... પર એક્સચેન્જ વેબસાઇટ પર ઉપલબ્ધ ટ્રેડ ચકાસણી સુવિધા દ્વારા એક્સચેન્જ ખાતે હાથ ધરવામાં આવતા સોદાની યથાર્થતા ચકાસો. સોદાઓને ઓનલાઇન ચકાસી શકાય છે જ્યાં ટ્રેડ માહિતી ટ્રેડના દિવસથી 5 દિવસો સુધી ઉપલબ્ધ હોય છે.
7. ટ્રેડના 24 કલાકમાં દરેક ચલાવવામાં ટ્રેડ માટે, તમારા UCC સાથે ટ્રેડ વિગતો પ્રકાશિત કરી સ્પષ્ટ ફોર્મેટમાં યોગ્ય કરાર નોંધનો આગ્રહ રાખો.
8. ખાતરી કરો કે જે કોન્ટ્રેક્ટ નોટ તમામ સંબંધિત જાણકારી જેમકે સભ્ય નોંધણી નંબર, ઓર્ડર નં, ઓર્ડર તારીખ, ઓર્ડર સમય, ટ્રેડ નં, ટ્રેડ દર, જથ્થો, આર્બિટ્રેશન કલમ, વગેરે સમાવે છે.
9. માર્જિન તરફ સભ્ય સાથે જમા કોલેટરલ માટે રસીદ મેળવો.
10. નિયમો, પેટા-નિયમો, નિયમનો, પરિપત્રો, નિર્દેશો, એક્સચેન્જના સૂચનાઓ તેમજ નિયમનકર્તાઓ, સરકાર અને અન્ય અધિકારીઓના તમારા વિરૂદ્ધ સભ્યના અધિકારો અને ફરજો જાણવા.
11. ટ્રાન્ઝેક્શન્સ પહેલાં બધા સંબંધિત પ્રશ્નો પૂછો અને તમારી શંકાઓ દૂર કરો.
12. દરેક પતાવટ માટે બીલ પ્રાપ્ત કરવા પર ભાર મૂકો.
13. તમારા ખાતાવહી એકાઉન્ટના માસિક નિવેદનો પર ભાર મૂકો અને 7 કામના દિવસોની અંદર તમારા સભ્યને સ્ટેટ્મેન્ટમાં કોઇપણ ખામીની જાણ કરો. અસંતોષજનક પ્રતિભાવના કિસ્સામાં ખામીની જાણ એક્સચેન્જમાં આ કાર્ય થયાની તારીખથી 15 કામના દિવસોની અંદર કરો.
14. તમે તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસેથી પ્રાપ્ત કરો છો તે ટ્રાન્ઝેકશન અને હોલ્ડિંગ નિવેદનો બંનેની ચકાસણી બારીકાઈથી કરો.
15. DP દ્વારા જારી કરવામાં આવતી ડિલવરી સૂચના સ્લિપ (DIS) બુક સલામત કબજામાં રાખો.

16. ખાતરી કરો કે DIS નંબર અગાઉથી પ્રિન્ટ થયેલ છે અને તમારો અકાઉન્ટ નંબર (UCC) DIS બુકમાં દર્શાવવામાં આવેલ છે.
17. લાંબા સમય સુધી તમારી ગેરહાજરી અથવા વારંવાર એકાઉન્ટનો ઉપયોગ કરતા નથી તેવા કિસ્સામાં તમારૂ ડિમેટ અકાઉન્ટ ફ્રીજ કરો.
18. જરૂરી માર્જિન સમયસર અને ચેક દ્વારા જ ચૂકવો અને તેની રસીદ સભ્ય પાસેથી માંગો.
19. સૂચવવામાં આવેલ સમયમાં વેચાણ કિસ્સામાં કોમોડિટીઝ વિતરિત કરો અથવા ખરીદવાના કિસ્સામાં પૈસા ચૂકવો.
20. ડેરિવેટિવ્ઝ માટે હિસાબી ધોરણો સમજો અને તેનું પાલન કરો.
21. જો તમારી અને સભ્યની વચ્ચે કોઇ સ્વૈચ્છિક કલમો હોય તેને વાંચી, સમજી અને પછી સહી કરવાની ખાતરી કરો. નોંધો કે તમે અને સભ્ય વચ્ચે સંમત કલમો તમારી સંમતિ વિના બદલી શકાતી નથી.
22. ટ્રેડિંગ માટે સભ્ય દ્વારા તમારા પર લાદવામાં  આવેલ બધા બ્રોકરેજ, કમિશન, ફી અને અન્ય ખર્ચ અને SEBI કોમોડીટી એક્સચેન્જ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ સંબંધિત જોગવાઈઓ / માર્ગદર્શિકા વિશે સ્પષ્ટ ખ્યાલ મેળવો.
23. સભ્યને એકાઉન્ટ પેયી ચેક દ્વારા ચૂકવણી કરો. ખાતરી કરો કે તમારી પાસે તમારી ચૂકવણી/ સભ્ય સાથે કોમોડિટીના થાપણ, જણાવેલ તારીખ, કોમોડિટી, જથ્થો, જે બેન્ક / ડિમેટ એકાઉન્ટ જેમાં પૈસા કે કોમોડિટી (વેરહાઉસ રસીદો સ્વરૂપમાં) જમા થયેલ હોય અને બેન્ક/ ડિમેટ અકાઉન્ટ જેમાંથી તે આવેલ હોય તેના દસ્તાવેજી પુરાવાઓ છે.
24. ભંડોળની ચૂકવણીનો અથવા કોમોડીટીઝની ડિલેવરી (કે જે કિસ્સો હોય શકે) એક્સચેન્જ પાસેથી ચૂકવણી મળ્યાના એક કામના દિવસની અંદર તમને આપવામાં આવશે નહીં, જો તમે સભ્યને રનિંગ એકાઉન્ટ જાળવવા માટે ચોક્કસ અધિકૃતિ આપેલ છે. આમ, આ વિશે, તમારા દ્વારા સભ્યને આપવામાં આવેલ રનિંગ એકાઉન્ટ અધિકૃતિ નીચેની શરતોને આધીન રહેશે:
    a) આવી અધિકૃતિ  તમારા દ્વારા જ તારીખ લખી શહી કરેલ હોવી જોઇશે અની એવી કલમ હોવી જોઇશે કે તમે કોઇપણ સમયે તેને રદ્દ કરી શકો છો.
    b) તમારે ફંડ/ કોમોડિટીઝ અથવા સ્ટેટમેન્ટ મળ્યાના ખાસ કરીને 7 (સાત) કામના દિવસોની અંદર લેખિતમાં સભ્યને અકાઉન્ટના સ્ટેટમેન્ટમાં ઉદ્દભવેલ કોઇપણ વિવાદ ધ્યાનમાં લાવવો જોઇએ , જે રીતે ઘટના હોય તે મૂજબ. વિવાદના કિસ્સામાં, વિલંબ કર્યા વગર સંબંધિત કોમોડિટી એક્સચેન્જ રોકાણકારોના ગ્રીવન્સ સેલમાં લેખિતમાં બાબતને સંદર્ભિત કરો.
    c) તમે ચાલી એકાઉન્ટ જાળવવા માટે પસંદગી ન કરેલ હોય અને ચૂકવણી એકચેન્જ તરફથી ચૂકવણી મળ્યાના બીજા કામના દિવસે ન મેળવાય, સભ્યને આ બાબતની જાણ કરો. જો કોઇ વિવાદ થાય, ખાતરી કરો કે તમે સંબંધિત કોમોડિટી એક્સચેન્જના રોકાણકારો ગ્રીવન્સ સેલમાં તરત જ લેખિત ફરિયાદ કરો છો.

d) કૃપયા તમારો ફોન નંબર અને ઈમેઈલ આઇડી ટ્રેડ ખાતરી ચેતવણીઓ/ SMS અથવા ઇમેઇલ દ્વારા ટ્રાન્ઝેક્શન્સની વિગતો, ટ્રેડિંગ દિવસના અંતે કોમોડિટીઝ એક્સચેન્જ તરફથી મેળવવા માટે સભ્ય પાસે રજીસ્ટર કરાવો.

25. તમારે ખાસ કરીને કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટમાં મૂળભૂત ઘટનામાં અથવા સભ્ય દેવાળિયા કે નાદાર બની જાય તે ઘટનામાં તમારા સભ્ય પાસે જમા કરાવેલ પૈસા અથવા સંપત્તિના રક્ષણ વિશે પોતાની જાતને પરિચિત કરવી જોઇએ.
26. કૃપયા ખાતરી કરો કે તમે સભ્ય સાથે આ નાણાં કે મિલકત જમા કર્યા તેની, કયા અકાઉન્ટમાં આ પૈસા અને મિલકત જમા કરાવ્યા છે તે જણાવતી દસ્તાવેજી સાબિતી તમારી પાસે છે.
27. જો તમારી સમસ્યા / ફરિયાદ / મુદ્દાનો ઉકેલ સંબંધિત સભ્ય/ અધિકૃત વ્યક્તિ પાસેથી ન મળે તો તમે કોમોડિટી એક્સચેન્જ પાસે આ બાબત લઈ જઈ શકો છો. જો તમે તમારી ફરિયાદના ઉકેલથી સંતુષ્ત ન હોવ તો તમે SEBIમાં બાબત આગળ મોકલી શકો છો.

**શું ન કરવું**

1. બિનનોંધાયેલ મધ્યસ્થી સાથે વ્યવહાર ન કરવો જોઇએ.
2. માર્કેટ બહારના ટ્રાન્ઝેક્શન હાથ નહિ ધરવા કારણ કે આવા ટ્રાન્ઝેક્શન ગેરકાયદેસર અને એક્સચેન્જ અધિકારક્ષેત્રથી બહાર આવે છે.
3. કોઇ પણ સભ્ય સાથે ખાતરી વળતર વ્યવસ્થામાં દાખલ ન થાવ
4. લોભામણી જાહેરાતો, અફવાઓ, ગરમ ટિપ્પણીઓ, વળતર સ્પષ્ટતા / ગર્ભિત વચન, વગેરે દ્વારા લોભાઈ જવું નહિ.
5. સભ્ય તરફથી/ માટે સેટલમેન્ટ અને માર્જીન માટે ચૂકવણી રોકડમાં કરવી નહિ/ લેવી નહિ.
6. રિસ્ક ડિસ્ક્લોઝર કરાર વાંચવા અને સમજવા પહેલાં ટ્રેડિંગ શરૂ કરવી નહિ.
7. ફોન પર આપેલ ઉચ્ચ મૂલ્યોના ઓર્ડર માટે લખાણની ઉપેક્ષા કરવી નહિ.
8. સહી નહિં થયેલ / ડુપ્લિકેટ કોન્ટ્રેક્ટ નોટ / કન્ફર્મેશન મેમો સ્વીકારવો નહિ.
9. કોઇપણ બિન-અધિકૃત વ્યક્તિ દ્વારા સહી કરવામાં આવેલ કોન્ટ્રેક્ટ નોટ / કન્ફર્મેશન મેમો સ્વીકારવો નહિ.
10. કોઈની પણ સાથે તમારા ઇન્ટરનેટ ટ્રેડિંગ એકાઉન્ટનો પાસવર્ડ શેર કરવો નહિ.
11. સભ્યને કોમોડિટીઝની ચૂકવણી/ ડિલેવરીઓમાં વિલંબ કરશો નહિ.
12. રોકાણમાં રહેલાં જોખમોની નોંધ લેવાનું ભૂલશો નહિ.
13. જયારે કોમોડિટીઝ પ્રસ્તુત કરો, ડિપોઝીટ કરો અને / અથવા તેને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DP) અથવા સભ્ય પાસે સમય બચાવવા રાખો ત્યારે ખાલી ડિલેવરી સૂચના સ્લિપ (DIS) પર સહી કરશો નહિ.
14. એક્સચેન્જ દ્વારા નિર્ધારિત દર કરતાં વધુ દલાલીની ચૂકવણી કરવી નહિ.
15. અધિકૃત વ્યક્તિના નામનો ચેક આપવો નહિ.